dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

November-December 2013 | For private circulation only | Vol. 05 - Issue 118-19

જીવન ટૂંકું છે, અને જંજાળ લાંબી છે. જંજાળ ટૂંકી હશે તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે.

શ્રીમદ રાજચંદ્ર

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

હમણાં રજાઓ દરમિયાન રાજસ્થાનના જયપુર જવાનું બન્યું. મિત્ર સાથે એક ઓફિસમાં બેઠા હતા ત્યાં જ સામેની દિવાલ ઉપર એક સુંદર મજાનું સૌંદર્યથી મઢેલું ચિત્ર હતું ને એ ચિત્રમાં મોટા અક્ષરે ફકત આટલું જ લખ્યું હતું 'પ્લીઝ સેલીબ્રેટ યોર લાઈફ.' વાંચીને ચિત્તમાં પ્રશ્ન થયો કે આપણે જીંદગી જીવીએ છીએ કે એને સેલીબ્રેટ પણ કરીએ છીએ ? દરેક વ્યકિતએ પોતાની જાતને આ પ્રશ્ન કમમાં કમ એકાદ વાર તો પૂછવો જોઈએ. શકય છે એ વિચારમોજાંઓ આપણી દિશા અને દશા બંને બદલી નાંખે. જીવવું એક વાત છે. જીવી જવું બીજી વાત છે અને જીવી જાણવું કે જીવનને માણવું તદ્દન જુદી વાત છે. નાની નાની વાતોમાં ગંભીરતાને આપણે ઓઢી લઈએ છીએ. આપણે ભૂલી જઈએ છીએ કે જિંદગી મેઘધનુષી છે તે કોઈ એક જ રંગથી બનેલી નથી. અરે, એથી ય આગળ કહું તો મેઘધનુષમાં તો ફકત સાત જ રંગ હોય છે જયારે જિંદગીના કેન્વાસ પર સિત્તેર-સાતસો, સાત હજાર કે એથી ય વધારે રંગો હોઈ શકે છે. માણસ નામનું પ્રાણી કયારેક સતત ફરિયાદ કરતું જ ફરે, કયારેક ચિંતાના વમળોમાં ઘૂમરી ખાતું જ જોવા મળે એ કોઈ રીતે ઠીક નથી. જન્મ અને મૃત્યુ નામના બે મહત્વના બિંદુઓની વચ્ચે વિસ્તરેલું જીવન ઘણું મૂલ્યવાન છે. નિશંક, આપણે જે જીવીશું; એમાં સફળતા, નિષ્ફળતા, આશા, નિરાશા, હતાશા, પડકારો, આનંદ, આંસુ ક્રોધ, તનાવ, વિશ્વાસ, નિશ્વાસ, મમતા, સમતા... આ બધું જ આવવાનું. આ બધાંથી ઉપર ઊઠતા શીખવાનું છે. એમ થવાથી આપણી આંતર શકિતઓ જીવંત થઈ ઊઠશે. આપણે આપણને જ એક વિશાળકાય વ્યકિતત્વના રૂપમાં જોતા થઈશું, જેની સ્વપ્નમાં પણ આપણે કલ્પના કરી નહીં હોય. આંતર ચેતનાના સોતને શોધી કાઢવાથી ખુદને એક નવા રોમાંચિત જગતમાં મહેસૂસ કરતા થઈશું. કોઈના પર નિર્ભર રહેવાને બદલે ખુદ અને ખુદા પર ભરોસો મૂકતા થઈએ તો અંદર ભરપૂર શકિતનો સંચાર થશે અને જિંદગી આપણી કલ્પનાથી યે આગળના સ્તર પર નિખાર પામશે. ખુમારીવાળા શાયર અમૃત ઘાયલની ગઝલનો આ શે'ર ઉપરના વિચારોને સમજવામાં ચાવીરૂપ સાબિત થશે. ઘાયલ લખે છે :

"સમજો છો શું અમોને ? સ્વયં પ્રકાશ છીએ !
દીપક નથી અમે કે ઠાર્યા ઠરી જવાના."

સ્વયંના પ્રકાશને પામીએ તો પછી બધું જ સ્વયંસ્પષ્ટ થઈ જશે. પવનની એકાદ લ્હેરખી તો શું પણ વાવાઝોડું ય આપણા જીવનના દીપકને ઠારી દેવા સામર્થ્યવાન નથી તેવો આત્મવિશ્વાસ બહુ જરૂરી છે. નદીના પ્રવાહમાં તણાઈ જનારાઓ સમયના મહાસાગરમાં ખોવાઈ જાય છે જયારે તરી જનારાઓ ઈતિહાસના પાનાંઓ પર અંકિત થઈ જાય છે. આપણે ખોવાઈ-ભૂલાઈ જવું છે કે પછી અમર થવું છે આપણે જાતે જ નકકી કરવાનું છે. પ્રસિધ્ધ કથાકાર અને લોક શિક્ષક મોરારિબાપુએ એમની કથામાં કહયું હતું

"જેટલો પ્લોટ હોય, તેટલો બંગલો નથી હોતો.
જેટલો બંગલો હોય, તેટલો દરવાજો નથી હોતો.
જેટલો દરવાજો હોય, તેટલું તાળું નથી હોતું.
જેટલું તાળું હોય, તેટલી ચાવી નથી હોતી.
પરંતુ નાની ચાવી ઉપર આખા ય બંગલાના
આધાર હોય છે."

આ ચાવી બહાર નથી. આપણી ભીતર જ છે. એને આપણે શોધી કાઢીએ ને સર્વોત્તમ જીંદગી જીવવાની દિશામાં આગળ વધીએ.

આપણે આપણા વિચારોને પરિપકવ બનવા દઈએ. ઘણી વાર અધકચરા વિચારો અમલમાં મૂકીને આપણે આપણી જિંદગીને ખરાબે ચઢાવી દઈએ છીએ. મહાભારતનો કથાપ્રસંગ યાદ કરાવું : અર્જુનને જયારે દ્રોપદીના સ્વયંવરમાં મત્સ્યવેધ કરવાનો વારો આવ્યો ત્યારે એણે જળને સ્થિર થવા દીધું જેથી ઉપર ફરતી માછલી સ્પષ્ટ જોઈ શકાય. એમ કરવાથી એ સફળ થયો હતો. લક્ષ્યવેધ માટે સ્થિરતા આવશ્યક ગુણ છે. એ ગુણ નહીં કેળવીએ તો હિન્દીના જાણીતા સાહિત્યકાર રામદરસ મિશ્રએ લખ્યું છે "ખભે જાળ લઈને દિવસ સવારે આવે છે, રોજ સાંજે ખાલી પાછો જાય છે" તેવું બનશે.

તા. ૧ ડિસેમ્બર, ૨૦૧૩

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## પીએચ.ડી.



યુનિવર્સિટીના મુખ્ય હિસાબી અધિકારી (કાર્યકારી) શ્રી મિત્તલ દીપકભાઇ ઉપાધ્યાયએ ડૉ. એ. વેંકટરામન (પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત)ના માર્ગદર્શન તળે Management of Finances in Universities in Gujarat : A Case Study of Veer Narmad South Gujarat University, Surat શીર્ષક પર શોધનિબંધ પ્રસ્તુત કર્યો હતો. આ મહાશોધ નિબંધને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે માન્ય રાખી પીએચ.ડી. પદવી એનાયત કરી છે. અભિનંદન.




યુનિવર્સિટીના પ્રા. બહાદુરસિંહ એ. વસાવાએ ડૉ. સુગુણા પાથી (પૂર્વ પ્રોફેસર એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઑફ સોશ્યોલોજી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત)ના માર્ગદર્શન તળે Exclusion of Tribal Issues in Mass Media : The Case of Development of Vasava Bhils શીર્ષક પર શોધનિબંધ પ્રસ્તુત કર્યો હતો. આ મહાશોધ નિબંધને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે માન્ય રાખી પીએચ.ડી. પદવી એનાયત કરી છે. અભિનંદન.

## નિવૃત્તિ સમારોહ

તા. ૩૧-૧૦-૧૩ના રોજ કાર્યાલય સમય બાદ વયમર્યાદાને કારણે નીચે જણાવેલ નિવૃત્ત થનાર કર્મચારીઓનો વિદાય સમારંભ તા. ૩૦-૧૦-૧૩ના રોજ એસ.પી.બી. સરદાર પટેલ સેનેટ હોલમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. જેમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાએ પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું. નિવૃત્ત થયેલ કર્મચારીઓ ૧. ડૉ. ઉમ્મેદસિંઘ (પ્રોફેસર), ૨. શ્રી એસ. આર. સારંગ (ટેક. આસિ. ગ્રંથાલય), ૩. શ્રી એચ.એન. શર્મા (સિનિયર કલાર્ક), ૪. શ્રી એન.આર. પટેલ (પટાવાળા).













## આરોગ્ય

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓની શારીરિક તપાસ કરવા માટે યુનિવર્સિટીના સિન્ડિકેટ મેમ્બર ડૉ. ધનેશ વૈદ્યની આગેવાની હેઠળ જનરલ મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન થયું હતું. જેમાં સિવિલ હોસ્પિટલની ટીમ, સ્મીમેર હોસ્પિટલની ટીમ, સી.ડી. પચ્ચીગર હોમિયોપેથીક કોલેજ, ભારતીમૈયા આઈ ઈન્સ્ટીટયુટ, એપલ હોસ્પિટલ અને યુનિવર્સિટી હેલ્થ સેન્ટરની ટીમે અગત્યનો ભાગ ભજવ્યો હતો. જેમાં આશરે ૩૦૦ જેટલી વિદ્યાર્થિનીઓની અને ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓની તપાસ કરવામાં આવી હતી. આશરે ૩૦ જેટલા ડોકટર્સ અને ૧૦ ટેકનીકલ સ્ટાફે સેવા આપી હતી. હેલ્થ ચેકઅપ કાર્યક્રમ અંતર્ગત વધુ સારવારની જરૂરિયાત હોય તેવા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સહાય કરશે.









## Legal Literacy Camp



Legal Literacy Camp was organised in the University Department of Law on October 19th, 2013 i.e. on Saturday. The main subject of this Camp was Mediation and Conciliation in which Hon'ble Civil Judge Mrs. J. R. Dodia, Hon'ble Civil Judge Mr. K. C. Joshi and Advocate Mr. Nileshbhai J. Patel remained present as Chief Guests. This Camp was chaired by Dr. J. T. Desai, Dean, Faculty of Law. He also introduced the Chief Guests and gave brief introduction about the camp. The speakers had explained the importance of Mediation and Conciliation as Alternative Dispute Redressal Method in the society and thus spread the awareness about the same among the students. And lastly the vote of thanks was given by Miss Twinkle Desai, Faculty of Law.

## સ્પર્ધા




યુનિવર્સિટી ઓફ રાજસ્થાન, જયપુર મુકામે આંતર યુનિવર્સિટી વોલીબોલ (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી તરૂણ ગામીતે કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે શ્રી ધર્મેશ પટેલ સેવા આપી રહયા છે. વોલીબોલ (બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમ : ૧) કુ. મેરૂલીયા નિરાલી એમ., ૨) કુ. પટેલ હેતલ જી., ૩) કુ. સુતરીયા હિતાક્ષી ડી., ૪) કુ. વિઠાણી રુતા જે., ૫) કુ. ગામીર રહિન્તા જી., ૬) કુ. ચોરાવાલા નિરાલી આર., ૭) કુ. પટેલ ભૂમિકા એન., ૮) કુ. સિંધા હિલ્પા એ., ૯) કુ. રીબાડીયા મયૂરી કે., ૧૦) કુ. શેઠ વિધી આર., ૧૧) કુ. શોરઠીયા હરિયાલી એચ., ૧૨) કુ. શાહ ભારતી પી.



ગુરૂનાનક દેવ યુનિવર્સિટી, અમૃતસર મુકામે આંતર યુનિવર્સિટી તરણ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર મહેતા અને બાર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરચિય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી પરિક્ષિત ઈચ્છાપોરીયાએ કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે શ્રી મયુર પટેલ સેવા આપી રહયા છે. તરણ (ભાઈઓ/બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમ : ભાઈઓની ટીમ : ૧) શ્રી પટેલ હિતેન્દ્ર જી., ૨) શ્રી ઈચ્છાપારીયા પ્રણવ જે., ૩) શ્રી પટેલ અનુપ એ., ૪) શ્રી શેખ પરવેઝ આઈ. બહેનોની ટીમ : ૧) કુ. કહાર કૃતિકા એ., ૨) કુ. રાંદેરી મૈત્રી ડી., ૩) કુ. કાગા ઝૈનિયા સી., ૪) કુ. સેલર પ્રિયંકા ડી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વોલીબોલ (બહેનો)ની ટીમ વેસ્ટઝોન આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લેવા માટે રાજસ્થાન યુનિવર્સિટી, જયપુર મુકામે ગઈ છે. આ સ્પર્ધામાં પ્રથમ રાઉન્ડ રાજસ્થાન બનાસ્થલી યુનિવર્સિટી સામે રમી ત્રણ સીધા સેટ હરાવીને જીત હાંસલ કરી હતી. તેમજ બીજા રાઉન્ડમાં મહારાષ્ટ્રની સોલાપુર યુનિવર્સિટીને પણ ત્રણ સીધા સેટમાં હરાવીને કવૉલીફાઈડ રાઉન્ડ માટે ગયા વર્ષની કવૉલીફાઈડ થયેલ ટીમ મહારાષ્ટ્રની ડૉ. આંબેડકર મરાઠાવાડા યુનિવર્સિટી, ઓરંગાબાદની સામે પાંચ સેટ રમીને આપણી યુનિવર્સિટીએ ૩-૨ થી વિજય મેળવી કવૉલીફાઈડ (લીગમાં) પ્રવેશ મેળવ્યો. ટીમનાં કોચ તરીકે પ્રો. તરૂણ ગામીત અને મેનેજર તરીકે પ્રો. ધર્મેશ પટેલ સેવા આપી રહયા છે. ઓલ ઈન્ડિયા ઈન્ટર ઝોનલ એસ.આર.એમ. યુનિવર્સિટી, ચેન્નાઈ મુકામે વોલીબોલી(બહેનો) ટુર્નામેન્ટ ડિસેમ્બરમાં યોજાનાર છે. તેમાં વોલીબોલ(બહેનો)ની યુનિવર્સિટી ટીમ પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કરશે. ઉપરોકત સિધ્ધિ બદલ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી જે.આર. મહેતા, બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાસંદીયા અને યુનિવર્સિટીના નિયામકશ્રી પોલ ડેવિડ તેમજ બોર્ડ ઓફ સ્પોર્ટસનાં સભ્યશ્રીઓએ આ સફળતા બદલ વોલીબોલ (બહેનો)ને અભિનંદન પાઠવ્યા છે.



હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, પાટણ મુકામે આંતર યુનિવર્સિટી બાસ્કેટબોલ (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરચિય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી આર. સી. ભાલાવાલાએ કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે શ્રી હિતેષ પાનસુરીયા સેવા આપી રહયા છે. બાસ્કેટબોલ (બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમ : ૧) કુ. મીના આરઝુ આર., ૨) કુ. પટેલ રાજશ્રી એમ., ૩) કુ. ભકતા અમી કે., ૪) કુ. પટેલ પ્રિયંકા ડી., ૫) કુ. પ્રતિક્ષા પ્રકાશ વેલુગન, ૬) કુ. કોઠારી અનુસરી એમ., ૭) કુ. ત્રિવેદી હિતાક્ષી વી., ૮) કુ. પરમીત કોર જી., ૯) કુ. કંસારા કેશા આર., ૧૦) કુ. ચાલાકવાલા રીન્કી એન., ૧૧) કુ. પરમાર સંગીતા એ., ૧૨) કુ. મહેતા તેજસ્વીની આર.



રાજસ્થાન વિદ્યાપીઠ, ઉદયપુર મુકામે આંતર યુનિવર્સિટી ક્રોસ કન્ટ્રી (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના પ્રમુખ પદે તથા પ્રોફેસર સંજય કોસાડાના અતિથિ વિશેષ પદે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. આ ટીમને કોચ શ્રી ગામીત યુસુફે કોર્ચીગ આપ્યું હતું. અને મેનેજર તરીકે શ્રી જયેશ બુટાણી સેવા આપી રહયા હતા. ક્રોસ કન્ટ્રી (ભાઈઓ/બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમ : ભાઈઓ - ૧) શ્રી મોકાસી અરવિંદભાઈ એસ., ૨) શ્રી ગાવીત મુરલી ટી., ૩) શ્રી ટંડેલ અવિનાશ પી., ૪) શ્રી ચૌધરી સુનીલ આર., ૫) શ્રી ચૌધરી હર્ષદ એસ., ૬) શ્રી ગામીત દાઉદકુમાર આઈ., ૭) શ્રી ભોયા વિનયભાઈ એસ., ૮) શ્રી દાડવ હીરામન કે., ૯) શ્રી વસાવા મનીષકુમાર ટી. બહેનોની ટીમ - ૧) કુ. ગામીત ઉર્મિલા ડી., ૨) કુ. ગામીત અંકિતા પી., ૩) કુ. ચૌધરી રક્ષા એસ., ૪) કુ. ગામીત વનીતા એન., ૫) કુ. ગાયકવાડ સરીતા એલ., ૬) કુ. ગામીત હીના એસ.



એમ.એલ. સુખડીયા યુનિવર્સિટી, ઉદયપુર મુકામે આંતર યુનિવર્સિટી ફૂટબોલ(ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયા અને આચાર્યશ્રી વિનોદ પટેલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. આ ટીમને કોચ અને મેનેજર તરીકે શ્રી મયુર પટેલ સેવા આપી રહયા હતા. ફૂટબોલ (ભાઈઓ) આંતર યુનિવર્સિટી ટીમ : ૧) શ્રી શેખ મો. સોયેબ એચ., ૨) શ્રી કુરેશી માયુરાલી એલ., ૩) શ્રી શેખ સોયેબ આઈ., ૪) શ્રી શેખ આદિત એમ., ૫) શ્રી પટેલ તેજસ ડી., ૬) શ્રી શેખ સોયેબ એસ., ૭) શ્રી પટેલ રૂચીત એચ., ૮) શ્રી ચૌધરી મોહીન્દર આર., ૯) શ્રી મુલ્લા રીઝવાન જે., ૧૦) શ્રી મીતચલા તાલ્હા એ., ૧૧) શ્રી ચૌહાણ પ્રદિપ આર., ૧૨) શ્રી મિસ્ત્રી ધનરાજ બી., ૧૩) શ્રી વોહરા ઉસીર જી., ૧૪) શ્રી સિદ્દીકી મા. ખાલીદ. એચ., ૧૫) શ્રી ભ્રમ બીલાલ એ., ૧૬) શ્રી સેલર જયમીન એન.



વીર નર્મદ દક્ષિણ ગુજરાતની બેડ્મિન્ટન(બહેનો)ની ટીમ વેસ્ટઝોન આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લેવા માટે રાજસ્થાન ટેકનિકલ યુનિવર્સિટી, કોટા મુકામે ગઈ હતી. આ સ્પર્ધામાં પ્રથમ રાઉન્ડમાં રાજસ્થાન બનાસ્થલી યુનિવર્સિટી સામે વોર્કઅવર મળ્યો હતો. તેમજ બીજા રાઉન્ડમાં ગુજરાતની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ૨-૦ થી ત્રીજા સેટમાં હારાવીને ત્રીજા રાઉન્ડમાં રાજસ્થાનની જોધપુર યુનિવર્સિટીને ૨-૦ થી હરાવીને કવૉલીફાઈડ રાઉન્ડ માટે ગયા વર્ષની કવૉલીફાઈડ થયેલ ટીમ મહારાષ્ટ્રની જલગાંવ યુનિવર્સિટીની સામે સીધા આપણી યુનિવર્સિટીએ ૨-૦ થી વિજય મેળવી કવૉલીફાઈડ (લીગમાં) પ્રવેશ મેળવ્યો. લીગ સ્પર્ધામાં ગુજરાતની જી.ટી.યુ. યુનિવર્સિટીને ૨-૦ થી હરાવી તેમજ આયોજક યુનિવર્સિટી રાજસ્થાન ટેકનીકલ યુનિવર્સિટી, કોટાને પણ ૨-૦ થી હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો. આ ટીમનાં કોચ તરીકે કુ. ક્ષીપરા ગોર અને મેનેજર તરીકે પ્રો. જીતુ ટંડેલ સેવા આપી રહયા છે. ઓલ ઈન્ડિયા ઈન્ટર ઝોનલ ભુવનેશ્વર ખાતે બેડ્મિન્ટન (બહેનો) ટુર્નામેન્ટ યોજાનાર છે. તેમાં બેડ્મિન્ટન (બહેનો)ની યુનિવર્સિટી ટીમ પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કરશે. ઉપરોકત સિધ્ધિ બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી જે.આર. મહેતા, બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયા અને યુનિવર્સિટીના નિયામક શ્રી પોલ ડેવિડ તેમજ બોર્ડ ઓફ સ્પોર્ટસનાં સભ્યશ્રીઓએ આ સફળતા બદલ બેડ્મિન્ટન (બહેનો)ને અભિનંદન પાઠવ્યા છે.

રાજસ્થાન ટેકનિકલ યુનિવર્સિટી, કોટા મુકામે આંતર યુનિવર્સિટી બેડ્મિન્ટન (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડ અને શ્રી રાજેષ ભાલાવાલાએ ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ કુ. શિપ્રા ગોરે કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે શ્રી કે.એસ. ચૌહાણ તથા કોચ તરીકે શ્રી જીતુ ટંડેલ સેવા આપી રહયા હતા. બેડમિન્ટન (ભાઈઓ/બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમ : ભાઈઓ - ૧) શ્રી રાવત આયુસ એચ., ૨) શ્રી મહેતા અભી એમ., ૩) શ્રી દેસાઈ તપન કે., ૪) શ્રી વઘાસીયા હાર્દિક એ., ૫) શ્રી મુલ્લા હુઝાલ્ફા એસ. બહેનો - ૧) કુ. ક્રિસ્ચીયન સેનાન પી., ૨) ટુ. ટંડેલ રીમી ડી., ૩) કુ. શાહ શીખા કે., ૪) કુ. ખલીફા સીતારા આઈ.

## ગૌરવ

અખીલ ભારતીય ઈન્ટર યુનિવર્સિટી સ્વીમીંગ ટુર્નામેન્ટ પંજાબ યુનિવર્સિટી ચંદીગઢ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટીમે ભાગ લીધો હતો તેમાં ખેલાડી શ્રી હિતેન્દ્ર ગીરીશભાઈ પટેલે (એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત) સ્વીમીંગની ૪૦૦ મીટરની ફ્રી સ્ટાઈલ સ્પર્ધામાં ૪:૩૬ ૬૫ માઈક્રો સેકન્ડ સમય આપીને બ્રોન્ઝ મેડલ મેળવી સમગ્ર દેશમાં આપણી યુનિવર્સિટીનું નામ સુવર્ણ અક્ષરે લખ્યું છે. ઉપરોકત સિધ્ધિ બદલ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે ખેલાડી હિતેન્દ્ર જી. પટેલને આ સિધ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.



## International Conference



Dr. Jagdish Gurjar Professor and Head: Department of Gujarati presented a research article on the play of Maxim Gorky : " 'The Lower Depths'- an illuminating Drama of Social Realism.

The International Conference on "Reception of Maxim Gorky in India" was held on the 28th and 29th of November 2013 under the aegis of the University of Mumbai. It was jointly organized by the Department of Gujarati and the Department of Russian in collaboration with the Russian Centre for Science and Culture, Mumbai; which have shared and set a unique tradition of academic collaboration in the University Campus.

The two days conference of six sessions including the exhibition, (which was one of the most prominent features of the conference) inaugurated by Mme.Alina Novikova (consulate General of Russia in Mumbai)

Mr. Vladimir Dementier, Vice-consulate and Director Research for Science and Culture in Mumbai; was chief guest of inaugural session.Key-noteaddress was given by Dr. Ranjit Saha, Sahitya Akademy, Delhi.

Different aspects and dimensions including Socio-cultural and aesthetic mode regarding the classic play of Maxim Gorky "The lower Depths" were presented by Dr. Jagdish Gurjar in his paper. Prof Dr. Laxmi S. Mikaelyan (Head, Department of Russian) and Dr. Ratilal Rohit(Head, Department of Gujarati) provide an excellent platform for all the lovers of Maxim Gorky to meet and share their experience through presentations, deliberations and discussions which will evoke necessary guidance for reorientation of multi-cultural activities to convert and develop them as resourse and and knowledge centres for betterment of Comparative Literature.

# કોલેજ ન્યૂઝ

## ઉજવણી

શ્રી એસ. આર. પટેલ બી.એડ્સ. કોલેજમાં તાઃ ૧૬/૦૯/૧૩ના દિવસે ઓઝન દિવસની ઉજવણી પ્રસંગે ઓઝોન વિશેના વકતવ્યો, "ઓઝોન સ્તર બચાવો" નુ નાટક તથા ઓઝોન લેયરનું પ્રેઝન્ટેશન તાલીમાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી ગોહીલ રાહુલભાઈ અને આભારવિધિ તાલીમાર્થીની પાઠક ખંજનબેને કરી હતી.

ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ દ્વારા બી.કોમ/બી.બી.એ./બી.સી.એ/ એમ.એસ.સી.સી.એ કોલેજમાં તા. ૧૪/૦૯/૧૩ દિને "વિશ્વ હિન્દી દિવસ " ની ઉજવણી પ્રસંગે વકતૃત્વ સ્પર્ધાના નિર્ણાયક શ્રીમતી વાસન્તીબેન પટેલએ નીચે મુજબનાં વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કર્યા. પ્રથમ મિશ્રા સોનલ, દ્વીતીય શાહ હની અને તૃતીય જાલન ગુંજન તથા હિન્દી પ્રચાર સમિતિ, સુરતનાં કાર્યકર શ્રી તિવારીએ વકત્વય આપ્યું હતું અને વિદ્યાર્થીઓએ પ્રશ્નોતરી કરી હતી.

તા. ૫/૯/૧૩ના રોજ ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.) માં 'શિક્ષકદિન' ની ઉજવણી પ્રસંગે સંસ્થાના રજીસ્ટ્રાર ડૉ.એ.અને.ઠાકર તથા અધ્યાપકોનું તીલક ચાંદલો તથા પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યુ હતું. શિક્ષકદિન નિમિતે તાલીમાર્થીઓએ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન અને શિક્ષણમાં યોગદાન પર વકત્વય આપ્યું હતું. શિક્ષકદિન નિમિત સંસ્થાના રજીસ્ટ્રાર ડૉ.એ.એન.ઠાકરે એમ.એડ્.ના વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા. ઈન્ચાર્જ આચાર્ય નિહારીકાબેન પટેલ અને બધા અધ્યાપકોએ આર્શીવચનો આપ્યા હતા.

સી. એન. કોથારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા ૫-૯-૧૩ના રોજ 'શિક્ષકદિન'ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી ભાગરૂપે વિદ્યાર્થીનીઓ દ્વારા અધ્યાપકની ભૂમિકા ભજવવામાં આવી હતી. મિસ. અલિશા બોધાણીએ આચાર્યની ભૂમિકા તેમજ મિસ અંજલી હસાની દ્વારા એકેડેમિક ઈન્ચાર્જની કામગીરી તમામ શિક્ષકોના સહકારથી ખુબ જ સુંદર રીતે કરવામાં આવી હતી ત્યારબાદ તમામ વિદ્યાર્થી શિક્ષકોએ પોતાના અનુભવનું વર્ણન કર્યુ હતુ તેમજ ગ્રીટીંગકાર્ડ દ્વારા તમામ અધ્યાપકગણ પ્રત્યે પોતાના અહોભાવ પ્રગટ કર્યો હતો. શ્રેષ્ઠ શિક્ષક તરીકેની કામગીરી બદલ ચોથુવર્ષ બી.એચ.એમ.એસ.માં મિસ. માર્ગા કપડાવાલા, ત્રીજુવર્ષ બી.એચ.એમ.એસ.માં મિસ. અંજલી હસાની, બીજુવર્ષ બી.એચ.એમ.એસ.માં મિસ. ઈવેન્જલી ગામીત તથા પ્રથમવર્ષ બી.એચ.એમ.એસ.માં મિસ. દિવ્યા વાઘાસીયા આ તમામ વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ તમામ અધ્યાપકો દ્વારા આજના આ શિક્ષકોનું અભિવાદન કરવામાં આવ્યુ હતુ.આ ઉજવણીનું સમાપન તમામ શિક્ષકોના સમૂહ અલ્પાહાર દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમનું આયોજન ડૉ. હીમા પંડયા તથા ડૉ.જે.જે.જૈન દ્વારા ડૉ. જયોતિ રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

શ્રી એસ.આર.પટેલ બી.એડ્. કોલેજમાં તાઃ ૧૪/૦૯/૧૩ના દિવસે હિન્દી દિનની ઉજવણી પ્રસંગે વકતવ્યો, નાટકો, રાષ્ટ્રભાષાનું મહત્વ અંગેના વકતવ્યો તાલીમાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ ધુલચા શિતલબેનના માર્ગદર્શન હેઠળ તાલીમાર્થી ભાવનાબેને સંચાલન અને આભારવિધિ તાલીમાર્થીની ભાવસાર કૃતિકાબેને કરી હતી.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં રાષ્ટ્રભાષા હિન્દી દિન દિનની ઉજવણી પ્રસંગે પ્રા. મારવાડી સ્વાતીબેને હિન્દી ભાષાનું મહત્વ સમજાવ્યું હતું તથા વિદ્યાર્થીઓએ પ્રાર્થના, કેહવતો , કાવ્ય પઠન, વાર્તાઓ તથા સમગ્ર દિવસ દરમિયાન હિન્દી ભાષાનો પ્રયોગ કરીને રાષ્ટ્રભાષા પ્રત્યેની ફરજ બજાવી હતી. ઈન્ચાર્જ આચાર્ય શ્રી કૌશલભાઈ પરીખે હિન્દી ઉપન્યાસ 'ગોદાન' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

## મૂલ્યાંકન

ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાન્ટેડ કોલેજોમાં એકેડેમિક એડમિનિસ્ટ્રેટિવ ઓડિટ (ત્રિપલ-એ)નો નવતર પ્રયોગ ગતવર્ષે હાથ ધરાયો હતો. કોલેજોમાં શૈક્ષણિક કાર્ય અને વહીવટી સંચાલનના વિવિધ પાસાંઓના આધારે કોલેજનું રેટિંગ કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ૭૨ કોલેજોમાં આ પ્રક્રિયા થઈ હતી. તેમાંથી બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયે ઉત્કૃષ્ટતાની દ્રષ્ટિએ કુલ ૧૦૦૦ માંથી ૮૮૧.૨૫ ગુણ પ્રાપ્ત કરી બીજો ક્રમ પ્રાપ્ત કરીને શિક્ષક ઘડતર ક્ષેત્રે ઉભી કરેલી પોતાની આગવી ઓળખને અકબંધ રાખી હતી. સંસ્થાના સુકાની ડૉ. કિશોરભાઈ નાયકે આ સિધ્ધિનો યશ સમગ્ર ટીમવર્કને અને સંસ્થાએ કંડારાયેલી તંદુરસ્ત પરંપરાને આપ્યો હતો.

## સેમિનાર

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત CTE તરીકે અપગ્રેડ થઈ કાર્ય કરતી શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં GCTER ગાંધીનગરના સહયોગથી તા.૨૦/૦૯/૧૩ રોજ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સંદર્ભે એક દિવસીય સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં સંજીવભાઈ શાહ અને 'ભારતીય પરંપરામાં અને જીવનશૈલીમાં આયુર્વેદ' વિષય પર ડૉ. ગિરીશભાઈ નાયકે અને અનુરૂપ ચર્ચા કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. ગાયત્રીબેન પટેલે અને કો-ઓર્ડિનેટર પ્રા.ડૉ.કલ્પેશભાઈ ટંડેલે કયું હતું.

## પુસ્તક

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં સપ્તધારા-જ્ઞાનધારા અંતર્ગત પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્‌ઘાટન વિધિમાં ભારત એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ તથા ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે પ્રાસંગિક અને આવકાર પ્રવચન રજૂ કર્યું હતું. આ પ્રસંગે એમ.બી. એમ. કોન્વેન્ટ હાઈસ્કૂલના પ્રિ. દર્શનાબેન ઢીમર ઉપસ્થિત રહયા હતા. ઉદ્‌ઘાટન બાદ પ્રમુખશ્રીએ વિધિવત પુસ્તક પ્રદર્શન ખુલ્લુ મુકયું હતું. આયોજન ગ્રંથપાલ શ્રી અશોકભાઈ રાઠોડે કર્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડની લાયબ્રેરી સમિતિના ઉપક્રમે પુસ્તક પરિચય અંતર્ગત તા. ૨૬-૧૦-૧૩ના રોજ ૨૦માં મહિનાના વકતા પ્રિ. ડૉ. જે.ટી. દેસાઈ, શ્રી કે.એમ. લો. કોલેજ, વલસાડ દ્વારા "ઈન્ડિયા આફટર ગાંધી" (લેખક : રામચંદ્ર ગુહા) પુસ્તકનો પરિચય કરાવવામાં આવ્યો હતો. લાયબ્રેરી સમિતિના અધ્યક્ષશ્રી પ્રા. કે.આર. ભાવસાર દ્વારા શ્રોતાઓને આવકાર અપાયા બાદ આચાર્યશ્રી પ્રિ. ડૉ. જે.એમ. નાયક દ્વારા વકતાશ્રીને પુસ્તક પુષ્પથી આવકાર આપવામાં આવ્યો હતો. પુસ્તક પરિચયના અંતે પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન શ્રોતાઓ દ્વારા પુછાયેલા પ્રશ્નોના વકતા પ્રિ. ડૉ. જે.ટી. દેસાઈ દ્વારા ઉચિત ઉત્તરો આપવામાં આવ્યા બાદ પ્રા. કે.આર. ભાવસારે આભારવિધિ આટોપી હતી.

## આરોગ્ય

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે યુથ રેડક્રોસ યુનિટના ઉપક્રમે યુથ રેડક્રોસના વોલીયન્ટયર્સ માટે પ્રથમ પ્રાથમિક સારવાર તાલીમનો કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓને અકસ્માત, સર્પદંશ, વિજળીનો કરંટ અથવા આગથી દાઝવું, ફ્રેકચર, ડૂબી જવું વગેરે સંજોગોમાં ડકિટરી સહય મળે તે પહેલા કેવી રીતે પ્રાથમિક સારવાર આપવી તે વિષય ઉપર શ્રી આનંદભાઈ પટેલ ટ્રેઈનરે ઉપયોગી તાલીમ આપી હતી. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આવી તાલીમને ખૂબ જ મહત્વ આપ્યુ હતું. યુથ રેડક્રોસ યુનિટના કાઉન્સેલર પ્રા. ડૉ. રશ્મીબેન પટેલે આ તાલીમ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં ગાંધી જયંતિ નિમિત્તે તા. ૨જી ઓકટોબરથી ૮મી ઓકટોબર સુધી ચાલેલ નશાબંધી સપ્તાહનો પૂર્ણાહૂતિ સમારંભ નશાબંધી અને આબકારી ખાતું, સુરત જિલ્લા અને કોલેજનાં સંયુકત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. જેમાં નશાબંધી અને આબકારી ખાતું, સુરત જિલ્લાના ઈન્સ્પેકટર આર. પી. સોનારા, સબ ઈન્સ્પેકટર એન.આર. વસાવા તથા પી.બી. દેસાઈ, નશાબંધી જિલ્લા નિયોજક શ્રી નરેન્દ્રભાઈ જોશી, ભારત એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ અને ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી હાજર રહયા હતા. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે પ્રાસંગિક અને આવકાર પ્રવચન દ્વારા સૌ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી તથા નશાબંધી જિલ્લા નિયોજકશ્રી નરેન્દ્રભાઈ જોશીએ નશાબંધી અંતર્ગત પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યું હતું. નશાબંધી સપ્તાહ અતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત થઈ હતી. આ નિમિત્તે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તથા પોસ્ટર સ્પર્ધામાં વિજેતા નિવડેલ તાલીમાર્થીઓને નશાબંધી અને આબકારી ખાતા દ્વારા ઈનામો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ પ્રા. ડૉ. મીનાબેન પરમારે તથા સમગ્ર સંચાલન પ્રા. ઉમેશભાઈ પટેલે કર્યું હતું.

## વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ

શ્રી મોરારજી દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ બુહારીમાં જી.એસની ચૂંટણી તા. ૧૯-૧૦-૧૩ના રોજ યોજાઈ હતી. જેમાં સર્વ વર્ગ પ્રતિનિધિઓએ ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થી ચૌધરી પિન્કલભાઈ યોગેશભાઈને બિનહરીફ ચૂંટીને કોલેજમાં આનંદ અને ઉત્સાહ છવાયો. જેમને ટ્રસ્ટના પ્રમુખશ્રી સત્યજીત દેસાઈ મંત્રીશ્રી રાજુભાઈ શાહ, નેતૃત્વના સોપાનને જીવનમાં વહેતુ રાખવાના આર્શીવચન અને અભિનંદન પાઠવ્યા હતા. પ્રિ. ડૉ. જયંતિભાઈ ચૌધરીએ નૈતિકતાના પાયામાં નેતૃત્વનો ગુણ વિકસાવવો જરૂરી ગણાવી અભિનંદન આપ્યા.

એમિટી બી.એડ્. કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની રચના સિલેકશન પધ્ધતિથી કરવામાં આવી. સામાન્ય મંત્રી : જગ્તાપ જીગીશા. મેગેઝિન સમિતિ : દક્ષાબહેન ગઢવી, સ્નેહાબેન ચૌધરી. સાંસ્કૃતિક સમિતિ : જયેશભાઈ પટેલ, અર્જુનભાઈ માછી, વીણાબહેન પરમાર. રમતગમત સમિતિ : નીરાલીબેન રાણા, વિપુલભાઈ પટેલ, પૂનમબહેન લીંબચીયા. સાહિત્ય સમિતિ : ઈલ્યાસભાઈ પટેલ, દિવ્યાબહેન પરમાર, જયોત્સનાબહેન મોરિયા. આયોજન અને શિસ્ત સમિતિ : કરિશ્માબહેન પટેલ, વિધિકાબહેન પટેલ, અંજલીબહેન પટેલ. નાણાં સમિતિ : તાહીરભાઈ મહમદ, મૌનિકાબહેન પટેલ. પ્રવાસ સમિતિ : કેસરબહેન ખીંચી, બિંદુબહેન ચાવડા, રાહુલભાઈ પંચાલ અને ગ્રંથાલય સમિતિ : પ્રિયાબહેન શુકલ, જીજ્ઞીશાબહેન પટેલ, નિકિતાબહેન પટેલની વરણી સિલેકશન પધ્ધતિથી કરવામાં આવી હતી.

## એન.એસ.એસ.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડનો વાર્ષિક શિબિર ધરમપુરના તિસ્કરી તલાટ ગામે પ્રિ. ડૉ. જે.એમ. નાયકના અધ્યક્ષપદે, યુનિવર્સિટીના એન.એસ.એસ. કો. ઓર્ડિનેટરશ્રી એ.એન. માલવીયાના મુખ્ય મહેમાન પદે તથા અતિથિ વિશેષશ્રીઓ ડૉ. ઈન્તેખાબ અન્સારી તથા પ્રિ. જગુભાઈ જાદવની ઉપસ્થિતિમાં યોજાયો. આ પ્રસંગે મહેમાનોએ વિદ્યાર્થીઓને એન.એસ.એસ.ના વાર્ષિક કેમ્પમાં થનારા લાભો વિશેની જાણકારી આપી કેમ્પ પછીના લાભ આજે જ નહી પરંતુ આવનારા વર્ષોમાં પણ અનુભવાશે એવી શિખામણ આપી હતી. શરૂઆતમાં સરપંચશ્રી રણજીતભાઈ ચૌધરીએ દીપ પ્રાગટય કરી શિબિરને ખુલ્લો મૂકયો હતો. તથા શ્રી એ.એન. માલવીયાએ એન.એસ.એસ. વિશે ગહન જાણકારી આપી હતી. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે કોલેજ હાલમાં વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાયેલી છે તેમ એન.એસ.એસ. વાર્ષિક કેમ્પ દ્વારા તમો પણ વિશિષ્ટ શિક્ષણ મેળવી રહયા છે તેમ જણાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કુ. જયોતિ ગંગવાર અને કુ. શ્રેયાએ કર્યું હતું જયારે શિબિર માટેની વ્યવસ્થા પ્રા. આર.આર. પટેલ, પ્રા. વી.આર. ચાંપાનેરી તથા પ્રા. કે.સી. પટેલે સંભાળી હતી. તદ્પરાંત શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪માં જોડાયેલા વિદ્યાર્થીઓ માટેના ઓરીએન્ટેશન કાર્યક્રમમાં બોલતાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકે સ્વયંસેવકોને સેવા દ્વારા સ્વવિકાસ સાધવા તથા વાપીની રોફેલ કોલેજના આચાર્યા ડૉ. હેમાલીબેન દેસાઈએ હળવી શૈલીમાં અનેક વાર્તાઓ દ્વારા બોધપાઠ તારવી એન.એસ.એસ.નું મહત્વ, કાર્યો અને જીવનઉપયોગિતા સમજાવ્યા હતા. આ પ્રસંગે ખરોડની બી.એડ્. કોલેજના પ્રા. ડૉ. ઈન્તેખાબ અનસારીએ એન.એસ.એસ.ના જન્મથી લઈ એના 'પ્રતિક', 'મોટ્ટો' તથા સ્વયંસેવકની વિભાગના સ્પષ્ટ કરી હતી. કાર્યક્રમ માટે પ્રા. આર.આર. પટેલ, પ્રા. વી.આર. ચાંપાનેરી તથા પ્રા. કે.સી. પટેલે વ્યવસ્થાકીય કામગીરી ઉપાડી હતી. કુ. ફાલ્ગુની પટેલ તથા શ્રી વિતાન વોરા દ્વારા એન.એસ.એસ. સ્વયંસેવકો માટે વોર્મિંગઅપ પ્રવૃત્તિઓ કરાવી હતી. કાર્યક્રમ સંચાલન તથા આભારવિધિ એન.એસ.એસ. પ્રો. ઓ. પ્રા. કે.સી. પટેલે કરી. દેશમાં વ્યાપ્ત ભ્રસ્ટાચાર, નારી સુરક્ષાના પ્રશ્નો જેવા અનેક મુદ્દાઓ ઉજાગર કરતી પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ દ્વારા આયોજિત 'શાંતિદૂત યુવા સાયકલ યાત્રા' વલસાડ ખાતે આવી પહોંચતા કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ.ના સ્વયંસેવકો આર.પી.એફ. ગ્રાન્ડ આગળથી સાયકલ યાત્રામાં પ્રતીકરૂપે જોડાયા હતા અને તેમને કોલેજ ખાતે દોરી ગયા હતા. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે યાત્રાના ઉદ્દેશો જાણી વર્તમાન પરિસ્થિતિમાં આવી યાત્રાના આયોજનની યથાર્થતા વ્યકત કરી હતી. બ્રહ્માકુમારીશ્રી રોહિતભાઈ દેસાઈએ મૂલ્યો થકી વ્યકિત મહાન બને છે માટે મૂલ્ય જાળવણી એ યુવાનો માટે મુખ્ય સંદેશ છે અમ જણાવ્યું હતું. આ કાર્યક્રમનો લાભ વલસાડ કોમર્સ કોલેજના ૪૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ લીધો હતો. શરૂઆતમાં તમામ સાયકલ યાત્રી બ્રહ્માકુમારીઝ તથા બ્રહ્માકુમારી પ્રિતીદીદી, બ્રહ્માકુમારી રંજનદીદી, બ્રહ્માકુમારી સંગીતાદીદીનું સ્વાગત પ્રા. વી.આર. ચાંપાનેરી, પ્રા. આર.આર. પટેલ તથા પ્રા. કે.સી. પટેલે કર્યું હતું. વિશિષ્ટ ૧૬ વાતાનુકુલિત કોચ ધરાવતી રેલગાડીમાં મઢેલું જૈવ વિવિધતા અને આબોહવા પરિવર્તન વિષય પર કેન્દ્રિત કરતું અજોડ વિજ્ઞાન પ્રદર્શનની મુલાકાતે વલસાડ કોમર્સ કોલેજનાં વિદ્યાર્થીઓ તા. ૨૧-૯-૧૩ના રોજ આચાર્ય ડૉ. જે.એમ. નાયક સાહેબના માર્ગદર્શન હેઠળ તથા એન.એસ.એસ. પ્રો.ઓફિ. પ્રા. આર.આર. પટેલ તથા પ્રા. મુકેશભાઈ બી. ચૌહાણની સાથે રાહબરી હેઠળ ગયા હતા.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢામાં તા. ૧-૧૦-૧૩ના રોજ એન.એસ.એસ. દિન ઉજવણી નિમિત્તે "ગૌદાન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી લાલજી વેલજી શાહ (એંકરવાળા), શ્રી વલસાડ ગૌશાળ અને પાંજરાપોળના સહયોગથી ૧૦ વાછરડા અને ૫ વાછરડીઓ મોટાપોંઢાના જરૂરિયાતમંદ ગ્રામજનોમાં વહેચવામાં આવ્યા હતા. છેલ્લા ૮-૧૦ વર્ષથી શ્રી વલસાડ ગૌશાળા અને પાંજરાપોળના સહકારથી એન.એસ.એસ. દ્વારા ગૌદાનનો કાર્યક્રમ સફળતાપૂર્વક યોજવામં આવી રહયો છે. કાર્યક્રમમાં શ્રી વલસાડ ગૌશાળા અને પાંજરાપોળના ટ્રસ્ટીશ્રી અનિશભાઈ શેઠિયા મુખ્ય અતિથિ તરીકે હાજર રહયા હતા. તે ઉપરાંત શ્રી જનતા કેળવણી મંડળના પ્રમુખશ્રી કેતનભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી રામજીભાઈ પટેલ, મંડળના અન્ય ટ્રસ્ટીશ્રીઓ કોલેજના ઈનચાર્જ આચાર્યશ્રી આર.એલ. પટેલ ઉપસ્થિત રહયા હતા. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. આશા ગોહિલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અન્ય પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. પ્રતિમા મિસ્ત્રી તથા ડૉ. એસ.યુ. પટેલે મહેમાનોને આવકારી કાર્યક્રમને સંપન્ન કરવામાં સહયોગ આપ્યો હતો. બહોળી સંખ્યામાં એન.એસ.એસ. સ્વયંસેવકોએ ઉલટભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## વ્યાખ્યાન

વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજમાં તા. ૨૬-૯-૧૩ના રોજ 'સ્ત્રી વિષયક કાયદાઓ' વિષય ઉપર આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ એક વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. વિજય તજજ્ઞ તરીકે સ્ત્રીઓની સલામતી માટે કાર્યરત વલસાડની અસ્તિત્વ સંસ્થાની ધરમપુર શાખાના ઈન્ચાર્જ શ્રીમતી ગીરીબાળાબેન આચાર્ય ઉપસ્થિત રહયા હતા. ઉપસ્થિત વિદ્યાર્થીઓને તેમણે ત્યકતા સ્ત્રીઓની ભરણપોષણની જવાબદારી અંગેના કાયદાઓ, શારિરીક કે માનસિક અત્યાચાર તથા શોષણ અંગેના કાયદાઓ, સ્ત્રીઓના માલિકી હક કે જરૂરિયાત ઉપસ્થિત થતા પિતૃપક્ષની મિલકતમાં ભાગીદારી અંગેના કાયદાઓ જેવા અન્ય કાયદાઓ તથા તેની વિટંબણાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

બીલમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં કોલેજના પૂર્વ આચાર્ય ડૉ. દિનુભાઈ નાયક દ્વારા આરંભાયેલ માનવ ઉત્કર્ષ મંડળનો આ વર્ષનો કાર્યક્રમ નવસારી જિલ્લા પોલીસની મદદથી 'સાયબર ક્રાઈમ' વિષય પર સફળતાપૂર્વક આયોજિત થયો હતો. જલાલપોર તાલુકાના પોલીસ ઈન્સ્પેકટરશ્રી અંકિતભાઈ સોમૈયાએ શ્રી યશભાઈ દરજીની મદદથી સાયબર ક્રાઈમ એટલે શું ? તે કેવી રીતે થાય ? તે ન થાય તે માટે કેવી કાળજી રાખી શકાય ? વગેરે વિશે સવિસ્તાર માહિતી પ્રેઝન્ટેશન અને લાઈવ ડેમોની મદદથી આપી હતી. મહેમાનશ્રીઓનું સ્વાગત અને પરિચય તથા કાર્યક્રમની પૂર્વભૂમિકા ડૉ. કિશોરભાઈ નાયકે આપી જણાવ્યું હતું કે સાયબર ક્રાઈમ વિશે જાણી આ પ્રકારના ગુનાઓ ન થાય એ માટે સમાજને જાગૃત કરવામાં શિક્ષકની પણ અગત્યની ભૂમિકા છે. ડૉ. દિનુભાઈ નાયકે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી અંકિતભાઈ સોમૈયાનો પરિચય આપી આ વિષયનું મહત્વ કેટલું છે તે અંગે વાત કરી હતી. આ ઉપરાંત પોલીસ કુટુંબ સહાયતા કેન્દ્રમાંથી આવેલ બહેનો દ્વારા કેન્દ્ર અંગે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં પધારેલ મહેમાનશ્રીઓને ઋણસ્વીકાર ડૉ. મનસુખભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. ગાયત્રીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૧૮-૧૦-૧૩ના રોજ "જાગો ગ્રાહક જાગો" વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે ગ્રાહક સુરક્ષાના નિવૃત્ત અધિકારી શ્રી શીષિરભાઈ તાંબાવાલા અને ગ્રાહક સુરક્ષા ફાઉન્ડેશનના પ્રમુખ ચેતનભાઈ ટેલ ઉપસ્થિત રહી હેલ્થ, બેકીંગ, ટોલ ફ્રી નંબર વગેરે માર્ગદર્શન આપ્યું હતું.

## શુભેચ્છા સમારંભ

એમિટી બી.એડ્. કોલેજ, ભરૂચમાં પ્રથમ સત્રાંત શુભેચ્છા સમારંભ સુરતની વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશનના પ્રાચાર્ય ડૉ. વિનોદભાઈ પટેલના મુખ્ય મહેમાન પદે યોજાયો. તેમણે પ્રશિક્ષણાર્થીઓને શુભેચ્છા પાઠવતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખામાં ગોલ્ડ મેડલ એમિટી બી. એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓ મેળવે એવી હૃદયપૂર્વક શુભેચ્છા પાઠવી તેમણે દક્ષિણ ગુજરાત ક્ષેત્રની સેલ્ફ ફાઈનાન્સ બી.એડ્. કોલેજોમાં એમિટી બી.એડ્. કોલેજને શ્રેષ્ઠ ગણાવી પ્રશિક્ષણાર્થીઓને ઉત્તમ શિક્ષક બને એવી શુભકામના પાઠવી હતી. ઈન્ચાર્જ પ્રાચાર્ય કલ્પેશ પટેલએ 'શિક્ષણ : ઉત્તમથી સર્વોત્તમ' લેખક રણછોડ શાહના પુસ્તકો એક અંશ 'નાગરિક ઘડતર'ની નકલ આપી પ્રશિક્ષણાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રણછોડ શાહે તાલીમાર્થીઓને એક સત્રમાં બે આંતરિક કસોટીનું મહત્ત્વ સમજાવી પ્રશિક્ષણાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સંસ્થાના પૂર્વ તાલીમાર્થી ચંપાવત ચાંદની, નીશા રાણા અને કીરણ ગોસ્વામી પણ હાજર રહયા હતા તેમણે તેમના કોલેજ કાળના અનુભવો વાગોળી પ્રશિક્ષણાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું. કાર્યક્રમના અંતે આભાર વિધી પ્રાધ્યાપિકા મિનલ પટેલે કરી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી કોમલ પટેલે કર્યું હતું.

## NET

૩૦મી જૂન-૨૦૧૩ના રોજ યુ.જી.સી. દ્વારા લેવાયેલી **NET** ની પરીક્ષામાં વિદ્યામંદિર સોસાયટી સંચાલિત ઝેડ.એફ. વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે. જહોટા કોલેજ ઓફ કોમર્સના અધ્યાપિકા શ્રીમતી હેતલ કે. પટેલ હોમસાયન્સ વિષયની પરીક્ષામાં અને શ્રી મનિષભાઈ એચ. ટેલર કોમર્સ વિષયની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. અભિનંદન.

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com